**GJNV040013032025**

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૭ | ૨૪ |

**IN THE COURT PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C**

**AT, VANSDA, DIST. NAVSARI.**

**(Presided Over by R.R.BARIA)**

**CC/1135/2025**
**Exhibit No. 24**

| | |
|---|---|
| ફરિયાદી:– | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે:– | **વિદ્વાન એ.પી.પી શ્રી જે.એમ.ઢોડિયા** |
| આરોપી– | **ચુનીલાલ કરમાભાઇ ગામીત,**<br>રહે. નીચલા ફળિયા, જામણે, તા.ઉચ્છલ, જિ.તાપી. |
| બચાવપક્ષે:– | **વિદ્વાન વકીલશ્રી કે.વી.ટેમકર** |

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૫/૨૦૨૪ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૦૧/૦૫/૨૦૨૪ |
| આખરી અહેવાલ રજૂ થયા તારીખ | ૨૯/૦૭/૨૦૨૫ |
| જવાબ–પ્લી લીધા તારીખ | ૦૧/૦૯/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૪/૧૦/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:– | ૨૪/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ:– | આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુક્યા |

**// આરોપીની વિગત //**

| આરોપીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | ચુનીલાલ કરમાભાઇ ગામીત | ૧૧/૦૫/ ૨૪ | ૧૧/૦૫/ ૨૪ | આઈ.પી.સી. ની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુક્યા | - | - |

**JUDGMENT**
**(Delivered by R.R.Baria on 24-03-2026)**

**ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:-**

(૦૧) ફરિયાદી દ્વારા સદર બનાવ અંગેની ફરિયાદની હકીકત વાંસદા પોલીસ સ્ટેશન ખાતે જાહેર કરતા વાંસદા પોલીસ સ્ટેશન ગુ. રજિ. નં.-૧૧૮૨૨૦૦૩૨૪૦૪૬૪/૨૦૨૪ થી આઈ.પી.સી. ની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજિસ્ટર કરી આગળની તપાસ શરૂ કરેલી.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૫/૦૦ વાગ્યાના સુમારે મોજે વાંસદાથી વ્યારા જતા રોડ ઉપર ઉનાઇ, નાકા ફળિયા બસ સ્ટેન્ડની સામે જાહેર રોડ ઉપર પોતાના હવાલાનો ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-26-T-4965 નો પૂરઝડપે, બેફિકરાઇ તથા ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી રિક્ષા નંબર GJ-21-T-168 ને એક્સીડન્ટ કરી રિક્ષામાં સવાર ડ્રાઇવર તથા ફરિયાદી તથા બીજા ત્રણ ઇસમોને શરીરે ફ્રેકચર જેવી ગંભીર ઇજાઓ કરી તથા રિક્ષામાં સવાર શાહેદ રફીક અલાઉદ્દીન ભાંડ ફુલવાલા, રહે.વ્યારા,

ભારત નગર, રેલ્વે સ્ટેશન રોડ, ઝૂંપડપટ્ટીમાં, તા.વ્યારા, જિ.તાપી નાઓને પાંસડીના ભાગે તથા પગમાં ફ્રેકચર કરી ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ હોય, જે બનાવ અંગેની ફરિયાદ ફરિયાદીએ નોંધાવતા જે વાંસદા પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૮૨૨૦૦૩૨૪૦૪૬૪/૨૦૨૪ થી આઈ.પી.સી. ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>પોલીસ તપાસ :–</u>**

(૦૨) ફરિયાદીની ફરિયાદ આધારે તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાનું સંજ્ઞાન લઈ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાક્ષીઓના નિવેદનો લીધેલ તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ તપાસ દરમ્યાન આરોપી મળી આવતા તેઓને અટક કરી પોલીસ સ્ટેશનેથી જામીન મુક્ત કરેલ તેમજ આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો જણાઈ આવતા ગુનાનું ચાર્જશીટ કરેલ હતું.

**<u>કોર્ટ કાર્યવાહી :–</u>**

(૦૩) તપાસ કરનાર અમલદારે રજૂ કરેલ ચાર્જશીટ આધારે અમારા પુરોગામી ન્યાયાધિશ સાહેબશ્રી દ્વારા ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપી વિરૂદ્ધ પ્રોસેસ ઈસ્યુ કરવા હુકમ કરેલ. જે આરોપીને સમન્સ ધોરણસર બજવણી થતા આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને આપવાના પોલીસ પેપર્સની નકલ પુરી પાડ્યા અંગે ખાતરી કરેલ. જે બાદ આરોપીને ફરિયાદ મુજબના આક્ષેપ મુજબનું તહોમત વાંચી સંભળાવતા આરોપી દ્વારા તેનો ઈન્કાર કરેલ છે. જે અંગે આરોપીનો આંક–૦૪ થી જવાબ–પ્લી લીધેલ છે. જે બાદ હાલનું કામ ફરિયાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ છે. જે બાદ ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આ સાથે પરિશિષ્ટથી સામેલ છે.

**<u>આરોપીનો બચાવ તથા વિશેષ નિવેદન :–</u>**

(૦૪) સદર કામે ફરિયાદપક્ષના પુરાવાના અંતે ફરિયાદપક્ષના કેસમાંથી આરોપી વિરુદ્ધ નીકળી આવતા સંજોગો તરફે આરોપીનું ધ્યાને દોરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો મળી આવેલ ન હોય આરોપીનું વિશેષ

નિવેદન નોંધવામાં આવેલ નથી. તેમજ તેઓના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

**<u>પક્ષકારો તર્ફેની દલીલો :–</u>**

(૦૫) હાલના કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પીશ્રી જે.એમ.ઢોડિયા તથા આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી કે.વી.ટેમકરની દલીલો સાંભળવામાં આવેલ છે. જે દલીલોનું પુનરાવર્તન ન થાય તે હેતુસર કારણો સાથે તે અંગે ચર્ચા કરવામાં આવેલ છે.

**<u>આરોપી વિરૂધ્ધનું તહોમત/ મુદ્દા :</u>–**

(૦૬) ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલ પુરાવા તેમજ પક્ષકારો તરફે કરેલ દલીલો આધારે આ કેસના ન્યાયિક નિર્ણયો માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દા :–**

૦૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૫/૦૦ વાગ્યાના સુમારે મોજે વાંસદાથી વ્યારા જતા રોડ ઉપર ઉનાઇ, નાકા ફળિયા બસ સ્ટેન્ડની સામે જાહેર રોડ ઉપર પોતાના હવાલાનો ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-26-T-4965 નો પૂરઝડપે, બેફિકરાઇ તથા ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી રિક્ષા નંબર GJ-21-T-168 ને એક્સીડન્ટ કરી રિક્ષામાં સવાર ડ્રાઈવર તથા ફરિયાદી તથા બીજા ત્રણ ઈસમોને શરીરે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા રિક્ષામાં સવાર શાહેદ રફીક અલાઉદ્દીન ભાંડ કુલવાલા, રહે.વ્યારા, ભારત નગર, રેલ્વે સ્ટેશન રોડ, ઝૂંપડપટ્ટીમાં, તા.વ્યારા, જિ.તાપી નાઓને પાંસડીના ભાગે તથા પગમાં ફ્રેકચર કરી ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી આઈ.પી.સી.ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૦૨) શું હુકમ ?

(૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૦૧) નકારમાં,

૦૨) આખરી હુકમ મુજબ.

**<u>ન્યાય નિર્ણય :</u>–**

(૦૮) (૮.૦) ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિદ્ધાંત ધ્યાને લેતા, આ કામે જયારે હાલના આરોપી સામે બનાવ સમયે તેઓ પોતાના હવાલાનો ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-26-T-4965 નો પૂરઝડપે, બેફિકરાઇ તથા ગફલતભરી રીતે હંકારી લાવી સામેથી આવતી રિક્ષા નંબર GJ-21-T-168 ને એક્સીડન્ટ કરી રિક્ષામાં સવાર ડ્રાઇવર તથા ફરિયાદી તથા બીજા ત્રણ ઈસમોને શરીરે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ કરી તથા રિક્ષામાં સવાર શાહેદ રફીક અલાઉદ્દીન ભાંડ કુલવાલા, રહે.વ્યારા, ભારત નગર, રેલ્વે સ્ટેશન રોડ, ઝૂંપડપટ્ટીમાં, તા.વ્યારા, જિ.તાપી નાઓને પાંસડીના ભાગે તથા પગમાં ફ્રેકચર કરી ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવેલાનો કેસ છે. તે સંજોગોમાં ફરિયાદ પક્ષે રેકર્ડ પરથી એ હકીકત સાબિત કરવાની રહે છે કે, સદરહુ બનાવના સ્થળે અને સમયે અકસ્માતમાં સંડોવાયેલ સદરહુ ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-26-T-4965 નો આ કામના આરોપી જ ચલાવતા હતા અને તેમના દ્વારા જ સદરહુ ટાટા કંપનીનો ૪૦૭ ટેમ્પો નંબર GJ-26-T-4965 બેદરકારી અથવા તો બેફીકરાઇથી ચલાવવાના કારણે જ સદરહુ અકસ્માત બનેલો છે. જેના કારણે આરોપીને સદરહુ અકસ્માત સંદર્ભે ફોજદારી જવાબદારી માટે કસુરવાન ઠરાવી શકાય. વધુમાં આરોપી સામે આક્ષેપિત ગુના અંગેના તત્વો ધ્યાને લેતાં, એ હકીકત પણ સાબિત થવી જરૂરી છે કે, આરોપી દ્વારા બેદરકારીપૂર્વક કરવામાં આવેલ કૃત્ય અને મૃત્યુ વચ્ચે પ્રત્યક્ષ સંબંધ છે. વધુમાં એ હકીકત પણ ધ્યાને લેવાની રહે છે કે, સાવચેતીનો અભાવ હોય, તે તમામ કિસ્સામાં બેદરકારી હોય છતાં પણ સામાન્ય રીતે માત્ર સાવચેતીનો અભાવ હોય કે જે કારણે દીવાની વળતર મેળવવા વ્યક્તિ હક્કદાર બને તેવી બેદરકારી ફોજદારી ગુનો ગણાય નહિ. વધુમાં ગુનામાં રહેલ બેદરકારીના તત્ત્વો માટે અનુમાન કરી શકાય નહિ, પરંતુ બેદરકારી પુરવાર થવી જોઇએ.

(૮.૧) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા, આ કામે રેકર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન, ફરિયાદપક્ષના કેસ અનુસંધાને કરવામાં આવે તો, ફરિયાદપક્ષે આ કામના ફરિયાદી તથા શાહેદોને અત્રેની કોર્ટ દ્વારા

સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ જે બજી ગયેલ છે અને ફરિયાદી તથા શાહેદોને તપાસવામાં આવેલ છે.

(૮.૨) સદર કામે પ્રોસીક્યુશન તર્ફે ફરિયાદી અજયભાઇ દિલીપભાઇ લુહારીયા આંક–૦૫ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે દોઢ વર્ષ પહેલા તેઓ પોતાનું કામકાજ પૂરું કરી ખાનગી વાહનમાં બેસી ભીનાર ત્રણ રસ્તા આવેલો અને ભીનાર ત્રણ રસ્તાથી એક રિક્ષા નંબર જીજે–૨૧–ટી–૧૬૮ માં બેસી ઉનાઈ જતા હતા તે વખતે રિક્ષા ચાલક તથા તેઓ ચાર પેસેન્જરો મળી કુલ પાંચ જણા રિક્ષામાં સવાર હતા તે સમયે આશરે ત્રણેક વાગ્યે વાંસદાથી ઉનાઈ વ્યારા રોડ પર ઉનાઈ, નાકા ફળિયા બસ સ્ટેન્ડની સામે એક ટેમ્પો આવેલ અને તેઓની રિક્ષા સાથે અથડાઈ જતા તેઓ તથા રિક્ષા ડ્રાઈવર તથા રિક્ષામાં બેસેલ પેસેન્જરોને શરીરે ઈજા થયેલી. આ અકસ્માતમાં તેમને બંને હાથમાં ફ્રેકચર જેવી ઈજા થયેલી અને મોઢાના ભાગે તથા પગમાં તથા શરીરે ઈજા થયેલી. આ અકસ્માત કરનાર ટેમ્પો પણ પલટી ખાઈ ગયેલો. તેઓને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં તથા ખાનગી વાહનમાં બેસાડી શ્રી હોસ્પિટલમાં લઈ ગયેલા. આ બનાવ બાબતે તેઓએ વાંસદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. ફરિયાદમાં તેઓએ અંગુઠો મારેલો. તેમને ઝેરોક્ષ ફરિયાદ બતાવવામાં આવતા તેમાં પોતાના ડાબા હાથના અંગુઠાનું નિશાન છે તે ઓળખી બતાવેલ છે. સદર ઝેરોક્ષ ફરિયાદને આંક–૦૬ થી રજૂ રાખવામાં આવેલ છે. તેઓએ વધુ સારવાર સ્પંદન હોસ્પિટલમાં કરાવેલી. બનાવ બાબતે તેઓ બીજુ કશું જાણતા નથી. તેઓનું અકસ્માત કરનાર ટેમ્પાનો નંબર કે તેના ચાલકનું નામ તેમને ખબર નથી. આમ, સદર મૂળ ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે તેઓ સુઇ ગયેલ હોવાથી શું થયેલું તેની તેમને ખબર નથી. એ

હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તે તેઓ કહી શકે નહિ.

(૮.૩) સદર કામે પ્રોસીક્યુશન તર્ફે શાહેદ ઈરફાન રફીક ફૂલવાલા આંક-૦૭ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે દોઢ વર્ષ પહેલા તેઓ મોટર સાઇકલ પર જતા હતા ત્યારે એક અજાણ્યા નંબરથી તેમના પર ફોન આવેલો અને તેમને જણાવેલું કે, તમારા પિતાજી રફીક સલાઉદીન ફૂલવાલા નાઓનું ઉનાઈ ખાતે અકસ્માત થયેલ છે અને તેને વાસંદા કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ છે. જેથી તેઓ તથા તેમના સંબંધી વાંસદા કોટેજ હોસ્પિટલમાં ગયેલા. તેઓ કોટેજ હોસ્પિટલમાં ગયા ત્યારે તેમના પિતાજીએ તેમને જણાવેલું કે, રિક્ષામાં બેસી હું તથા અન્ય પેસેન્જરો ઉનાઈ ખાતે આવતા હતા તે વખતે ઉનાઈ, નાકા ફળિયા બસ સ્ટેન્ડ પાસે આવતા એક ટેમ્પાવાળાએ અમારું એક્સીડન્ટ કરતા અમોને તથા અન્ય પેસેન્જરોને ઈજા થયેલી છે. આ અકસ્માતમાં તેમના પિતાજીને પગમાં તથા પાંસળીના ભાગે ઈજા થયેલી હતી. તેમના પિતાજીને વધુ સારવાર માટે વ્યારા તથા નવસારી હોસ્પિટલમાં લઈ ગયેલા. તેમના પિતાજી નવસારીની મુલ્લા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા ત્યારે તેઓ ગુજરી ગયેલા. આ બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. બનાવ બાબતે તેઓ બીજુ કશું જાણતા નથી. તેઓનું અકસ્માત કરનાર ટેમ્પાનો નંબર કે તેના ચાલકનું નામ તેમને ખબર નથી. આ અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી. આમ, સદર શાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તે તેઓ કહી શકે નહિ.

(૮.૪) સદર કામે પ્રોસીક્યુશન તર્ફે શાહેદ ખુશ્બુબેન તેજસભાઈ પટેલ આંક-૦૮ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે,

તેણીના પતિનું નામ તેજસ રણછોડભાઇ પટેલ છે. બનાવ સમયે તેણી પોતાના ઘરે હતી ત્યારે કોઇ અજાણ્યા ઇસમે તેણીના સસરા રણછોડભાઇને ફોન કરી જણાવેલું કે, તેજસ રિક્ષામાં બેસીને જતો હતો ત્યારે એક ટેમ્પાએ તેજસનું અકસ્માત ઉનાઇ ખાતે કરેલું. જેથી તેણી તથા તેણીના સસરા વાંસદા કોટેજ હોસ્પિટલમાં ગયેલા. આ અકસ્માતમાં તેણીના પતિ તેજસને ડાબા પગમાં ફ્રેકચર તથા માથામાં તથા મોઢા ઉપર ઇજા થયેલી હતી. આ બનાવ બાબતે તેણીના પતિને પૂછતા તેણીના પતિએ જણાવેલું કે, રિક્ષામાં બેસી હું તથા અન્ય પેસેન્જરો ઉનાઇ ખાતે આવતા હતા તે વખતે ઉનાઇ, નાકા ફળિયા બસ સ્ટેન્ડ પાસે આવતા એક ટેમ્પાવાળાએ અમારુ એક્સીડન્ટ કરતા અમોને તથા અન્ય પેસેન્જરોને ઇજા થયેલી છે. તેણીના પતિને આ અકસ્માતમાં ઇજા થયેલ હોય વધુ સારવાર માટે વલસાડ તથા સ્પંદન હોસ્પિટલ ચીખલી અને ત્યાંથી વધુ સારવાર માટે યુનિવર્સલ હોસ્પિટલ, સુરત ખાતે લઇ ગયેલા. આ બનાવ બાબતે પોલીસે તેણીનો જવાબ લીધેલો. બનાવ બાબતે તેણી બીજુ કશું જાણતી નથી. તેણીના પતિનું અકસ્માત કરનાર ટેમ્પાનો નંબર કે તેના ચાલકનું નામ તેણીને ખબર નથી. આ અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેણીને ખબર નથી. આમ, સદર શાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેણીએ નજરે જોયેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તે તેણી કહી શકે નહિ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેણીના પતિ તેજસભાઇ હાલ ચાલી શકતા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે અકસ્માત સંદર્ભે તેણીના પતિનો કોઇ જવાબ લીધેલો નથી.

(૮.૫) સદર કામે પ્રોસીક્યુશન તર્ફે શાહેદ રણછોડભાઇ છોટુભાઇ પટેલ આંક-૦૯ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેમના છોકરાનું નામ તેજસભાઇ રણછોડભાઇ છે. તેમના

છોકરાના લગ્ન ખુશ્બુબેન સાથે કરેલા. તેમના છોકરાને બે છોકરી છે. તા.૦૧.૦૫.૨૦૨૪ના રોજ તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે અજાણ્યા નંબર પરથી તેમના પર ફોન આવેલો અને તેમને જણાવેલું કે, તેજસનું અકસ્માત ઉનાઇ ગામે આવેલ પહેલી ચોકડી પાસે થયેલું. તેજસભાઇને શરીરે ઇજા થયેલી હોય એમ્બ્યુલન્સમાં બેસાડી વાંસદા કોટેજ હોસ્પિટલમાં લઇ ગયેલા છે. જેથી તેઓ તરત વાંસદો કોટેજ હોસ્પિટલમાં ગયેલા. ત્યાં જઇને જોયું તો તેજસને ડાબા પગમાં ફ્રેકચર થયેલું હતું અને માથામાં તથા મોઢાના ભાગે ઇજા થયેલી હતી. બનાવ બાબતે તેમના છોકરા તેજસ સાથે કોઇ વાતચીત થયેલી નહિ. તેમના છોકરા તેજસનું અકસ્માત એક સોનગઢના ટેમ્પા ચાલકે કરેલું. આ ટેમ્પાનો નંબર શું હતો તેની તેમને ખબર નથી. આ ટેમ્પા ચાલકનું નામ શું હતું તેની તેમને ખબર નથી. તેમના છોકરાને વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઇ ગયેલા અને ત્યાંથી ચીખલીની સ્પંદન હોસ્પિટલમાં લઇ ગયેલા. આ અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી. બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. બનાવ બાબતે તેઓ બીજુ કશું જાણતા નથી. આમ, સદર શાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વિશે તેમને કોઇ જાતમાહિતી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલો નથી તેથી અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી.

(૮.૬) સદર કામે પ્રોસીક્યુશન તર્ફે શાહેદ કનુભાઇ મંગુભાઇ ચૌધરી આંક–૨૦ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે બે વર્ષ પહેલા તેઓ રિક્ષામાં બેસી ઉનાઇ આવતા હતા. તેઓ રિક્ષામાં ડ્રાઇવર સાથે કુલ પાંચ ઇસમો બેઠેલા હતા ત્યારે ઉનાઇ, નાકા ફળિયા બસ સ્ટેન્ડ પાસે તેઓની રિક્ષા પહોંચતા તેઓની સામેથી ટેમ્પો આવેલો અને તેઓની રિક્ષા સાથે અકસ્માત કરતા તેમને માથામાં ઇજા

થતા તેઓ બેભાન થઇ ગયેલા. તેમને ભાન આવેલું ત્યારે તેઓ વાંસદા કોટેજ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ત્યાંથી તેમને વધુ સારવાર માટે શિવમ હોસ્પિટલમાં લઇ ગયેલા. આ બનાવ બાબતે આ સિવાય તેઓ બીજુ કશું જાણતા નથી. બનાવ બાબતે પોલીસે તેમનો જવાબ લીધેલો. તેઓનું અકસ્માત કરનાર ટેમ્પાનો નંબર તથા તેના ચાલકનું નામ શું હતું તેની તેમને ખબર નથી. આ અકસ્માત કોની ભૂલના કારણે થયેલો તેની તેમને ખબર નથી. આમ, સદર શાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા શાહેદ જાહેર કરી ઊલટતપાસ કરવા છતાં તેઓ ફરિયાદની હકીકતને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષ તરફે તેઓના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવતા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વિશે તેમને કોઇ જાતમાહિતી નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીને તેઓએ જોયેલા નથી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અકસ્માત કોની ભૂલના કારણે બનેલો તેની તેમને ખબર નથી.

(૦૯) (૯.૦) સદરહુ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો મૂળ ફરિયાદીને આંક-૦૫ થી પ્રોસીક્યુશન તર્ફે તપાસવામાં આવેલ તથા અન્ય શાહેદોને સદર કામે આંક-૭,૮,૯ અને ૨૦ થી તપાસવામાં આવેલા છે. તેઓની સોગંદ ઉપરની જુબાની જોવામાં આવે તો આ તમામ શાહેદોએ અકસ્માત કરનાર ટેમ્પાનો નંબર કે તેના ચાલકનું નામ શું હતું તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. સદરહુ તમામ શાહેદોને ફરિયાદપક્ષ દ્વારા ફરી ગયેલા શાહેદ જાહેર કરેલા છે. વધુમાં સદર શાહેદોએ બચાવપક્ષની ઊલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે, અકસ્માત કોની ભૂલના કારણે બનેલ તેની તેઓને ખબર નથી. વધુમાં, અકસ્માતમાં સંડોવાયેલ વાહનના રજિસ્ટ્રેશન નંબર કે તેના ચાલક અંગે પાછળથી તેમને કોઈ હકીકત જાણવા મળેલ હોય તેવું પણ જણાવેલ નથી. તે સંજોગોમાં હાલના કામના આરોપી જ બનાવ સમયે અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હોવાની હકીકત શંકાસ્પદ જણાય આવે છે. આમ, સદરહુ કામે અકસ્માત કરનાર વાહનના ચાલક કોણ હતા? તેના વાહનનો

નંબર શું હતો? અને કોની બેદરકારીથી અકસ્માત થયેલ? તે અંગે ઈજા પામનાર ફરિયાદી કે ઈજા પામનાર શાહેદે તેઓની જુબાનીમાં કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ તરફે આંક–૧૦ થી અટક પંચનામું, આંક–૧૧ થી સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૧૨ થી સારવાર સર્ટિફિકેટ, આંક–૧૩ થી ૧૫ સુધીના એમ.એલ.સી., આંક–૧૬ થી સારવાર સર્ટિફિકેટ, આંક–૧૭ થી ઈન્કવેસ્ટ પંચનામું, આંક–૧૮ થી પી.એમ. સાથે મોકલવાનો પોલીસ રિપોર્ટ, આંક–૧૯ થી પી.એમ. નોટ તથા આંક–૨૧ અને ૨૨ થી અજયભાઈ સારવાર હેઠળ હોય તે અંગેનું સર્ટિફિકેટ તથા પોલીસને લખેલ પત્ર રજૂ કરવામાં આવેલ છે. જે વંચાણે લેવામાં આવે તો અકસ્માતનો બનાવ બન્યાનું અને અકસ્માતમાં ભોગ બનનારાઓને ઈજા થયેલાની અને મરણ જનારને ઈજા થવાથી તેઓનું મરણ થયેલ હોવાની હકીકત જણાઈ આવે છે. પરંતુ, સદર દસ્તાવેજી પુરાવાઓ રજૂ થવા માત્રથી આ કામના આરોપીએ જ પોતાના હવાલાવાળા વાહનને બેફિકરાઈથી તથા ગફલતભરી રીતે મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે ચલાવી અકસ્માત કરી ઈજા પામનારને ઈજા કરેલાની હકીકત તથા મરણ જનારને ગંભીર ઈજા પહોંચાડતા સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાની હકીકત પુરવાર થતી ન હોય સદર ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ સદર દસ્તાવેજી પુરાવાઓ મદદરૂપ થતા નથી.

(૯.૧) વધુમાં, ફરિયાદી તથા શાહેદ તરફે આંક–૨૩ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ કરી વધુ પુરાવો રજૂ કરવા માંગતા હોવાનું જણાવી ફરિયાદપક્ષનો પુરાવો પૂરો થયેલ હોવાનું જાહેર કરેલ છે. આમ, રેકર્ડને વંચાણે લેતાં બનાવ સમયે હાલના કામના આરોપીએ સદરહુ અકસ્માત કરનાર વાહન ચલાવતા હતા તે માટે કોઈપણ પ્રકારનો સાંયોગિક કે પ્રત્યક્ષ પુરાવો ફરિયાદપક્ષે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તે સંજોગોમાં હાલના કામના આરોપી જ અકસ્માતમાં સંડોવાયેલ વાહન ચલાવતા હોવાની હકીકત ફરિયાદપક્ષે શંકારહિત પુરવાર કરવાની હોય છે. વધુમાં, આરોપીની ઓળખ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈએ તો ***AIR 1979 (S.C) 1127 - KANAN V/S STATE OF KERALA***

તથા ***AIR 2011 (S.C) 1436 - RABINDRA KUMAR PAL@ DARA SING V/S REPUBLIC OF INDIA.*** આમ, સદર ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતો તથા ખાસ કરીને જયારે હાલના આરોપી આ ગુન્હામાં સંડોવાયેલા હોય, તે હકીકતને આ કામે તપાસવામાં આવેલ કોઈ શાહેદોની જુબાનીથી કે અન્ય કોઈ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળતું નથી તેમજ રેકર્ડ પરના પુરાવાનાં આધારે એ હકીકત નિ:શંકપણે સાબિત થતી નથી કે, અકસ્માતમાં સંડોવાયેલ વાહન સદરહુ અકસ્માત કરનાર વાહનના ચાલક હાલના આરોપી જ હતા. વધુમાં, મોટર એક્સીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવિંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમાં સૌપ્રથમ ફરિયાદપક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે, આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવિંગ કરતો હતો તથા સદર ડ્રાઈવિંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. અગાઉ ચર્ચા કર્યા મુજબ માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહિ. જે અંગેનો સિદ્ધાંત નામદાર એપેક્ષ કોર્ટ ***1994 Cr.L.J Page No.389 - BADRI PRASAD TIWARI V/S STATE*** તથા ***2009(1)CRIMES(SC) Page No.5 - STATE OF HARYANA VS SHER SING*** ના ચુકાદાઓમાં ઠરાવેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામે ફરિયાદપક્ષે રજૂ થયેલ રેકર્ડ પરના પુરાવા પરથી તેમજ બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતા ફરિયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, સદરહુ અકસ્માતમાં સંડોવાયેલ વાહન બનાવ વખતે તેના ચાલક આ કામના આરોપી જ હતા. તેમજ બનાવ વખતે તે વાહન આ કામના આરોપીએ બેફિકરાઈથી અથવા બેદરકારીથી માણસોની જીંદગી જોખમમાં મુકાય તે રીતે ચલાવેલ અને તેના કારણે સદરહુ અકસ્માત થયેલ છે.

(૧૦) (૧૦.૦) આમ, આ કામે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતા, ફરિયાદ પક્ષ આ કામના આરોપી સામે મૌખિક,

દસ્તાવેજી કે સાંયોગિક પુરાવા દ્વારા આક્ષેપિત આઈ.પી.સી. ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાઓનું તહોમત નિ:શંકપણે શંકાથી પર સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકારમાં**" આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગે તથા કેસના આખરી નિકાલ સારૂ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવમાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૦૧) આ કામના **આરોપી – ચુનીલાલ કરમાભાઈ ગામીત,** રહે. નીચલા ફળિયા, જામણે, તા.ઉચ્છલ, જિ.તાપી નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આઈ.પી.સી. ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૦૨) સદર ચુકાદા વિરૂધ્ધ ભવિષ્યમાં અપીલ થાય તો તેવા સંજોગોમાં એપેલેટ કોર્ટ સમક્ષ આરોપીની હાજરી ઉપલબ્ધ રહે તે હેતુથી ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ: ૪૩૭(ક) ની જોગવાઈ મુજબ અગાઉના જામીનદાર ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપીના અગાઉના જામીન ના હોય તો તે સંજોગોમાં આરોપીએ રૂા.૫૦૦૦/–ના અપીલ સમયના નવા જામીનખત અને જાત–મુચરકા રજૂ કરવા.

હુકમ તારીખ ૨૪[મી] માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૪/૦૩/૨૦૨૬
વાંસદા.

સહી/–
**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા, જિ.નવસારી.**
**UID GJ-01609**

## –:ચુકાદાનું પરિશિષ્ટ:–

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીઓની યાદી</u>**

**અ. ફરિયાદપક્ષ**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | અજયભાઇ દિલીપભાઇ લુહારીયા | ૦૫ | ફરિયાદી |
| ૨. | ઇરફાન રફીક કૂલવાલા | ૦૭ | શાહેદ |
| ૩. | ખુશ્બુબેન તેજસભાઇ પટેલ | ૦૮ | શાહેદ |
| ૪. | રણછોડભાઇ છોટુભાઇ પટેલ | ૦૯ | શાહેદ |
| ૫. | કનુભાઇ મંગુભાઇ ચૌધરી | ૨૦ | ઇજા પામનાર શાહેદ |

**બ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | –– | –– |

**ક. અદાલતના સાક્ષી, જો હોય તો**

| નં. | શાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | –– | –– |

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના દસ્તાવેજોના આંકની યાદી</u>**

**અ. ફરિયાદપક્ષના દસ્તાવેજ**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરિયાદ |
| ૨. | ૧૦ | અટક તથા શરીરસ્થિતિનું પંચનામું |
| ૩. | ૧૧ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૪. | ૧૨ | કનુભાઇનું સારવાર સર્ટિફિકેટ |
| ૫. | ૧૩,૧૪ | અજયભાઇ દિલીપભાઇનું એમ.એલ.સી. |
| ૬. | ૧૫ | તેજસભાઇ પટેલનું એમ.એલ.સી. |
| ૭. | ૧૬ | તેજસભાઇનું સારવાર સર્ટિફિકેટ |
| ૮. | ૧૭ | ઇન્કવેસ્ટ પંચનામું |
| ૯. | ૧૮ | પી.એમ. સાથે મોકલવાનો પોલીસ રિપોર્ટ |
| ૧૦. | ૧૯ | પી.એમ. નોટ |
| ૧૧. | ૨૧ | અજયભાઇ સારવાર હેઠળ તે અંગેનું સર્ટિફિકેટ |
| ૧૨. | ૨૨ | અજયભાઇ સારવાર હેઠળ છે તે અંગેનો પત્ર |
| ૧૩. | ૨૩ | ક્લોઝિંગ પુરસીસ |

**બ. બચાવપક્ષના દસ્તાવેજ**

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| – | – | – |

**ક. અદાલતના દસ્તાવેજ**

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**ડ. ભૌતિક પદાર્થ**

| અનુ ક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | –– | –– |

તા.૨૪/૦૩/૨૦૨૬
વાંસદા.

સહી/–
**(રશ્મિકાંત રામચંદ્ર બારીઆ)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**વાંસદા, જિ.નવસારી.**
**UID GJ-01609**